# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો. બો. નં. ૧૦
વલ્લભવિદ્યાનગર - ૩૮૮ ૧૨૦ (ગુજરાત) ભારત
**નેક એક્રીડિશન : ગ્રેડ 'એ' સીજીપીએ-૩.૨૫**
**(૨૩-૧-૨૦૧૭ થી ૨૨-૧-૨૦૨૨)**

ફોન : (૦૨૬૯૨) ૨૨૬૮૦૮/૮૫
ફેક્ષ નંબર : (૦૨૬૯૨) ૨૩૬૪૭૫
E-mail: exam_spu@spuvvn.edu
Website: www.spuvvn.edu


**પરીક્ષા વિભાગ**

## અગત્યનો
## પરિપત્ર

**વિષય : સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની આંતરીક ગુણ જમા કરાવવાની તારીખ : ૦૯/૦૪/૨૦૨૧ થી ૦૮/૦૫/૨૦૨૧ (દ્વિતીય સેમેસ્ટર સીવાય) બાબત...**

આથી સંબંધકર્તા સર્વે યુનિવર્સિટી વિભાગોના વડાશ્રીઓ/યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રી/સંલગ્ન ઇન્સ્ટીટ્યુશનોના નિયામકશ્રીઓને જણાવવાનું કે યુનિવર્સિટી દ્વારા વખતોવખત યુનિવર્સિટીમાં (ઓનલાઇન સબમીટ કરેલ) આંતરીક ગુણ જમાં કરાવતા પહેલા જરૂરી ચકાસણી કરવા તથા કાળજી લેવા બાબતે સંબંધકર્તાઓને જાણ કરવામાં આવેલ છે. તેમ છતા કેટલાક વિભાગ/કોલેજો/ઇન્સ્ટીટ્યુશનો દ્વારા યુનિવર્સિટીમાં જમાં કરાવવામાં આવતા આંતરીક ગુણોમાં ઘણા પ્રકારની ગંભીર ભૂલો ધ્યાને આવેલ છે. જેના લીધે વિદ્યાર્થીઓના પરીણામમાં વિલંબ થાય છે. જેની સીધી અસર વિદ્યાર્થીના ભવિષ્ય ઉપર પડે છે.

ઉપરોક્ત બાબતને ધ્યાને લેતા, વિદ્યાર્થીના આંતરીક ગુણ જમાં કરાવતી વખતે કોઇપણ પ્રકારની ક્ષતિ રહી ના જાય તે અંગે નીચે મુજબની સુચનાઓનું ખાસ પાલન કરવા જાણ કરવામાં આવે છે.

(૧) વડાશ્રી/આચાર્યશ્રી દ્વારા તેમના વિભાગ/કોલેજના તમામ અધ્યાપકો, ક્લાર્ક તથા વિદ્યાર્થીઓને **CBCS Regulations (2017-18)** અંગે માહિતગાર કરાવવા. **(www.spuvvn.edu/students_corner/ syllabi/)**

(૨) વિદ્યાર્થી **NPTA** ન થાય તે અંગે કાળજી રાખવાના અગત્યના **CBCS Regulations (2017-18)** જેવા કે - **R.6.7 (Attendance) R.6.8.(Continuous and Comprehensive Internal Assessment) R.6.9 (Preovisional for detaining a students at end Semester University Exam)** વગેરે ધ્યાને લેવા.

(૩) સ્નાતક કક્ષાના અને અનુસ્નાતક કક્ષાના ઓનલાઇન એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન કરેલ વિદ્યાર્થીઓના આંતરીક ગુણ ઓનલાઇન એન્ટ્રી કરવા માટેની લીંક યુનિવર્સિટી વેબ સાઇટ ઉપર સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ તારીખ: ૦૯/૦૪/૨૦૨૧ થી ૦૮/૦૫/૨૦૨૧ સુધી (દ્વિતીય સેમેસ્ટર સીવાય) ચાલુ રહેશે. અંતીમ તારીખ બાદ આંતરીક ગુણ સ્વીકારવામાં આવશે નહી તથા ત્યારબાદ ઓનલાઇન સબમીટ કરેલ આંતરીક ગુણમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કે સુધારો ધ્યાને લેવામાં આવશે નહી.

(પેજ-૧)

(૪) ઓનલાઇન આંતરીક ગુણ એન્ટ્રી કર્યાબાદ વિષયવાઇઝ સીટ ડાઉનલોડ કરી, સંબંધકર્તા અધ્યાપક તથા ક્લાર્ક દ્વારા વેરીફાઇ કરી તેમની સહી મેળવી, જો કોઇ સુધારો હોય તો ઓનલાઇન પોર્ટલમાં સુધારો કરી તેની પ્રિન્ટ આઉટ લઇ વિદ્યાર્થીના જાણ સારૂ નોટીસ બોર્ડ ઉપર મુકવું તથા આંતરીક ગુણની સામે વિદ્યાર્થીઓની ફરજીયાત સહી લેવી. સહિ વાળી નકલ પર કોલેજના આચાર્યશ્રીની વિભાગીય વડાશ્રીના સહિ સીક્કા કરી યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં મોકલી આપવી. જેથી ભવિષ્યમાં આંતરીક ગુણના સુધારાને કોઇ પણ પ્રકારનો અવકાશ રહે નહી.

(૫) વિદ્યાર્થી દ્વારા પોતાના આંતરીક ગુણ જોતા જો કોઇ ભુલ જણાયતો વિદ્યાર્થીઓએ સંબંધકર્તા અધ્યાપકનું ધ્યાન દોરવું તથા સંબંધકર્તા અધ્યાપક દ્વારા જો કોઇ ભુલ જણાય તો તેનો જરૂરી સુધારો ઓનલાઇન પોર્ટલ પર કરવાનો રહેશે તથા ત્યારબાદ ફરીથી આંતરીક ગુણની પ્રિન્ટ આઉટ લઇ સંબંધકર્તા વિદ્યાર્થીઓની સહી લેવાની રહેશે.

(૬) વિદ્યાર્થી દ્વારા પોતાના આંતરીક ગુણ જોતા જો તે નાપાસ હોય તો વિદ્યાર્થી દ્વારા વડાશ્રી/આચાર્યશ્રીને **R.6.8.11** મુજબ યુનિવર્સિટી પરીક્ષા યોજાય તે પહેલા ઇન્ટરનલ ઇમ્પ્રુવમેન્ટ ટેસ્ટ માટે અરજી કરવાની રહેશે. વિભાગ/કોલેજ દ્વારા આવા વિદ્યાર્થીઓ માટે પૂન: આંતરીક કસોટી આયોજન કરી જો વિદ્યાર્થીના માર્કસમાં સુધારો જણાય તો  તે સુધારો ઓનલાઇન પોર્ટલમાં કરી તેની પ્રિન્ટ આઉટ લઇ વિદ્યાર્થીની સહી લેવાની રહેશે.

(૭) ઉપરોક્ત (૩) થી (૬) અંગે જરૂરી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ આંતરીક ગુણ ઓનલાઇન પોર્ટલ ઉપર સબમીટ કરવાના રહેશે. કોલેજ દ્વારા એકવાર આંતરીક ગુણ સબમીટ કર્યા બાદ આંતરીક ગુણમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કરી શકાશે નહી. વિદ્યાર્થીને સબમીટ કરેલ આંતરીક ગુણ મુજબ જ માર્કશીટમાં આંતરીક ગુણ દર્શાવવામાં આવશે.

(૮) વિભાગ/કોલેજ દ્વારા આંતરીક ગુણ યુનિવર્સિટી પોર્ટલ ઉપર સબમીટ કરી દીધા બાદ કોલેજ/વિભાગ વિદ્યાર્થીનો ઇન્ટરનલ ઇમ્પ્રુવમેન્ટ ટેસ્ટ લઇ શકશે નહી. આવા કિસ્સામાં વિદ્યાર્થીએ ખુટતા આંતરીક ગુણ યુનિવર્સિટી બાહ્ય પરીક્ષામાં વધારાના મેળવવા પડશે આમ ઇન્ટરનલ + એક્ષટર્નલનાં સંયુક્ત હેડ હેઠળ ઓછામાં ઓછા પાસીંગ માર્કસ મેળવવાના રહેશે.

(૯) **CBCS Regulations 2017 (R.6.9.5 & 6.9.6)** મુજબ એન.પી.ટી.એ. **(NPTA)** થયેલ હોય તેવા વિદ્યાર્થીઓની માહિતી યુનિવર્સિટી પરીક્ષા શરૂ થયાના ત્રણ દિવસ અગાઉથી વિદ્યાર્થીનું નામ, પરીક્ષા બેઠક ક્રમાંક તથા પરીક્ષા ફી સહિતની માહિતી મોકલી આપવાની રહેશે. જો સદર બાબતે ચૂક થશે તો તેની જવાબદારી સંબંધકર્તા કોલેજની રહેશે.

(૧૦) ઉપરોક્ત તમામ બાબતો અંગે વડાશ્રી/આચાર્યશ્રી દ્વારા તેમના વિભાગ/કોલેજના આધ્યાપકો, કલાર્ક તથા વિદ્યાર્થીઓને જાણ કરવાની રહેશે. વધુમાં વડાશ્રી/આચાર્યશ્રી દ્વારા યુનિવર્સિટી પોર્ટલ ઉપર ઓનલાઇન જમા કરાવેલ વિદ્યાર્થીઓના ઇન્ટરનલ માર્કસને વિદ્યાર્થીઓને બતાવવામાં આવેલ છે અને તેમને સંતોષ છે તે બાબતનું પ્રમાણપત્ર યુનિવર્સિટીમાં જમા કરાવવાનું રહેશે.

(૧૧) યુનિવર્સિટી દ્વારા હવે પછી ભવિષ્યમાં વિભાગ કોલેજ દ્વારા આંતરીક ગુણમાં સુધારા બાબતની કોઇપણ અરજી સ્વિકારવામાં આવશે નહી જેની સંબંધકર્તા સર્વેએ ખાસ નોંધ લેવી.

## ખાસ અગત્યનું

| | |
|---|---|
| નોંધ: (૧). | કોન્સોલીડેટેડ (Consolidated) રીપોર્ટ ની પ્રિન્ટ આઉટ લઇ વિદ્યાર્થીઓની સહિ કરાવી એક કોપી કોલેજ/વિભાગના વડાશ્રીના સહિ સિક્કા સાથે યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં જમા કરાવવાની રહેશે. |
| નોંધ: (૨). | સદર વિદ્યાર્થીઓના આંતરીક ગુણ યુનિવર્સિટી પોર્ટલ ઉપર ઓનલાઇ ન જમા કરવામાં આવેલ છે તે તમામ વિદ્યાર્થીઓના આંતરીક ગુણની હાર્ડ કોપી યુનિવર્સિટીમાં જમા ન કરાવતા કોલેજે/વિભાગોએ તેઓની પાસે સાચવીને રાખવા. |
| નોંધ:(૩). | જ્યારે ઓફલાઇનના વિદ્યાર્થીઓના આંતરીક ગુણની હાર્ડ કોપી ૦૧ કોપી કોલેજ/વિભાગ ના વડાશ્રીના સહી સીક્કા સાથે પરીક્ષા વિભાગમાં જમા કરાવવી. |

નંબર/ઈ-૩/ ૨૮૬
વલ્લભ વિદ્યાનગર
તારીખ : ૦૯/૦૪/૨૦૨૨

કાર્યકારી કુલસચિવ

નકલ સવિનય રવાના:

(૧) ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર.

(૨) યુનિવર્સિટી વિભાગોના વડાશ્રીઓ/યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રી/ યુનિવર્સિટી સંલગ્ન ઇન્સ્ટીટ્યુશનોના નિયામકશ્રીઓ તરફ જરૂરી જાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.